GJAM060009022025

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ તારીખ : | ૨૧/૦૮/૨૦૨૫ |
| કેસ દાખલ તારીખ: | ૨૧/૦૮/૨૦૨૫ |
| કેસ ફેંસલ તારીખ : | ૨૨/૦૪/૨૦૨૬ |
| સમય : | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૮ ૦૨ |

**ફોજદારી કેસ નં.૮૧૧/૨૦૨૫**

**આંક–**

**:: નમૂનો – અ ::**

| **મહે.જાફરાબાદનાં જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જાફરાબાદ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૮૧૧–૨૦૨૫ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૩૦૦૨૨૫૦૧૫૫–૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | જાફરાબાદ મરીન પો. સ્ટે., તા. જાફરાબાદ, જી. અમરેલી |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી ડી. બી. ગાંધી |
| આરોપીઓ પક્ષ | **(૧) અવિનાશભાઈ દિનેશભાઈ બાંભણીયા,**<br>ઉં.વ. ૨૫, ધંધો : મચ્છીમારી,<br>**(૨) દિવ્યેશભાઈ દિનેશભાઈ બાંભણીયા,**<br>ઉં.વ. ૨૦, ધંધો : મચ્છીમારી,<br>**(૩) દિપેશભાઈ દિનેશભાઈ બાંભણીયા,**<br>ઉં.વ. ૧૯, ધંધો : મચ્છીમારી,<br>**(૪) દિનેશભાઈ પીઠાભાઈ ઉર્ફે જીવાભાઈ બાંભણીયા,**<br>ઉં.વ. ૩૯, ધંધો : મચ્છીમારી,<br>આરોપી નં.૧ થી ૪ રહે. પરશુરામ સોસાયટી તા. જાફરાબાદ જિ. અમરેલી.<br>**(૫) સચિનભાઈ રામાભાઈ સોલંકી,**<br>ઉં.વ.૨૪, ધંધો : મચ્છીમારી,<br>રહે. ખોડીયારમાના મંદિરની બાજુમાં તા. જાફરાબાદ જિ. અમરેલી.<br>**(૬) સાગરભાઈ કાળાભાઈ બારૈયા,**<br>ઉં.વ.૨૮, ધંધો : મચ્છીમારી, |

| | |
|---|---|
| | **(૭) અંકિતભાઈ કાળાભાઈ બારૈયા,**<br>ઉં.વ. ૨૩, ધંધો : મચ્છીમારી,<br>**(૮) નિલેશભાઈ અશોકભાઈ બારૈયા,**<br>ઉં.વ. ૨૩, ધંધો : મચ્છીમારી,<br>**(૯) તિલકભાઈ ભગાભાઈ સોલંકી,**<br>ઉં.વ. ૨૪, ધંધો : મચ્છીમારી,<br>આરોપી નં. ૬ થી ૯ રહે. પરશુરામ સોસાયટી<br>તા. જાફરાબાદ જિ. અમરેલી.<br>**(૧૦) જયદિપભાઈ હરજીભાઈ સોલંકી,**<br>ઉં.વ. ૨૦, ધંધો : મચ્છીમારી,<br>રહે. શીતળામાતાના મંદિર પાસે તા.જાફરાબાદ<br>જિ. અમરેલી.<br>**(૧૧) ભાવેશભાઈ રામભાઈ સોલંકી,**<br>ઉં.વ. ૨૭, ધંધો : મચ્છીમારી,<br>**(૧૨) રૂત્વિકભાઈ રામભાઈ સોલંકી,**<br>ઉં.વ. ૨૫, ધંધો :મચ્છીમારી,<br>**(૧૩) પ્રતિકભાઈ રામભાઈ બાંભણીયા,**<br>ઉં.વ. ૨૦, ધંધો : મચ્છીમારી,<br>આરોપી નં.૧૧ થી ૧૩ રહે. પરશુરામ સોસાયટી<br>તા. જાફરાબાદ જિ. અમરેલી.<br>**(૧૪) નિર્મલભાઈ કિશોરભાઈ બારૈયા,**<br>ઉં.વ. ૨૦, ધંધો : મચ્છીમારી,<br>રહે. કામનાથ મહાદેવ મંદિર પાસે મોટી શેરી<br>તા. જાફરાબાદ જિ. અમરેલી.<br>**(૧૫) ધ્રુવભાઈ રામભાઈ સોલંકી,**<br>ઉં.વ. ૧૯, ધંધો : પ્રા.નોકરી,<br>રહે. શીતળામાતાના મંદિર પાસે તા.જાફરાબાદ<br>જિ. અમરેલી. |
| રજૂઆત | વિ. વકીલ શ્રી : વી.એચ.ગંગાજળીયા |

**:: નમૂનો – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૫ |
| પ્ર. માહિતી અહેવાલની તારીખ | ૦૩/૦૭/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૧/૦૮/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૧/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા ની તારીખ | ૧૮/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

## :: આરોપીઓ ની વિગત ::

| આરોપીઓ નું અનુક્રમ | આરોપીઓ નું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અવિનાશભાઈ દિનેશભાઈ બાંભણીયા, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એક્ટ કલમ– ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૨. | દિવ્યેશભાઈ દિનેશભાઈ બાંભણીયા, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એક્ટ કલમ– ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૩. | દિપેશભાઈ દિનેશભાઈ બાંભણીયા, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | | | |
| ૪. | દિનેશભાઈ પીઠાભાઈ ઉર્ફે જીવાભાઈ બાંભણીયા, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | નિર્દોષ | - | - |
| ૫. | સચિનભાઈ રામાભાઈ સોલંકી, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | નિર્દોષ | - | - |
| ૬. | સાગરભાઈ કાળાભાઈ બારૈયા, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | | | |
| ૭. | અંકિતભાઈ કાળાભાઈ બારૈયા, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | નિર્દોષ | - | - |
| ૮. | નિલેશભાઈ અશોકભાઈ બારૈયા, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ | નિર્દોષ | - | - |
| ૯. | તિલકભાઈ ભગાભાઈ સોલંકી, | - | - | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ–૧૩૫ મુજબ | | | |
| ૧૦. | જયદિપભાઈ હરજીભાઈ સોલંકી, | – | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૧૧. | ભાવેશભાઈ રામભાઈ સોલંકી, | – | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૧૨. | રૂત્વિકભાઈ રામભાઈ સોલંકી, | – | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩. | પ્રતિકભાઈ રામભાઈ બાંભણીયા, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ– ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૧૪. | નિર્મલભાઈ કિશોરભાઈ બારૈયા, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ– ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૧૫. | ધ્રુવભાઈ રામભાઈ સોલંકી, | – | – | બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮ (૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી. એકટ કલમ– ૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | પાયલબેન વા/ઓ યોગેશભાઈ બારૈયા | ફરિયાદી |
| ફ.સ.૨ | અશોકભાઈ ભોળાભાઈ બારૈયા | પંચસાહેદ |
| ફ.સ.૩ | ભરતભાઈ બાબુભાઈ સોલંકી ઉર્ફે એભાવાળા | પંચસાહેદ |
| ફ.સ.૪ | સાવનભાઈ બાબુભાઈ બાંભણીયા | પંચસાહેદ |
| ફ.સ.૫ | પંકજભાઈ કવાભાઈ બારૈયા ઉર્ફે લાલા હિરાવાળા | પંચસાહેદ |
| ફ.સ.૬ | યોગેશભાઈ લખમણ ભાઈ બારૈયા ઉર્ફે કાનામેતાવાળા | સાહેદ |
| ફ.સ.૭ | લખમણ ભાઈ કાનાભાઈ બારૈયા ઉર્ફે કાનામેતાવાળા | સાહેદ |
| ફ.સ.૮ | રૂડીબેન વા/ઓ લખમણ ભાઈ બારૈયા ઉર્ફે કાનામેતાવાળા | સાહેદ |
| ફ.સ.૯ | પરેશભાઈ લખમણ ભાઈ બારૈયા | સાહેદ |
| ફ.સ.૧૦ | રૂપાલીબેન વા/ઓ પરેશભાઈ બારૈયા | સાહેદ |
| ફ.સ.૧૧ | મનસુખભાઈ શંકરભાઈ ભાલીયા | સાહેદ |
| ફ.સ.૧૨ | રતનબેન વા/ઓ મનસુખભાઈ ભાલીયા | સાહેદ |
| ફ.સ.૧૩ | ગોપાલભાઈ લખમણ ભાઈ બારૈયા ઉર્ફે ચકલીવાળા | સાહેદ |
| ફ.સ.૧૪ | મહે. જિલ્લા અધિક મેજી.સા. અમરેલી ની કચેરીના જાહેરનામુ | સાહેદ |
| ફ.સ.૧૫ | ડો.વરૂણ દુધાત | સાહેદ |
| ફ.સ.૧૬ | હનુભાઈ કે.સાંખટ | દા.ક.અ. |
| ફ.સ.૧૭ | એ.એમ.રાધનપરા | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

**ક. બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

નોંધ : ઉપરોક્ત સાક્ષી ના પુરાવા ના પ્રકાર માં લાગુ પડતો પુરાવા નો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

### અ. ફરિયાદ

| અનુ ક્ર. | ફ.સ. | આંક | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૧ | ૪૧ | પાયલબેન વા/ઓ યોગેશભાઈ બારૈયા |
| ૨ | - | ૪૨ | ફરીયાદ |
| ૩ | ૦૭ | ૪૩ | લખમણભાઈ કાનાભાઈ બારૈયા |
| ૪ | ૦૬ | ૪૪ | યોગેશભાઈ લખમણભાઈ બારૈયા |
| ૫ | ૧૦ | ૪૫. | રૂપાલીબેન વા/ઓ પરેશભાઈ બારૈયા |
| ૬ | - | ૪૬ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૭ | - | ૪૭ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું |
| ૮ | - | ૪૮ | જાહેરનામું |
| ૯ | - | ૪૯ | મેડીકલ સર્ટી. |
| ૧૦ | ૦૯ | ૫૨ | પરેશભાઈ લખમણભાઈ બારૈયા |

### બ. બચાવ

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

### ક. ન્યાયાલય આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

### ડ. ભૌતિક પદાર્થ:

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

## -: ચુ કા દો :-

અત્રે એ ઉલ્લેખ કરવો આવશ્યક છે કે, આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારું આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ માટે આરોપીઓ નું નિવેદન લેતા ગુનો કર્યાનો ઇનકાર કરેલ છે.

**૧-** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ ફરીયાદીના ભાઈ જુગલભાઈ ભાલીયાના લગ્ન સમયે આ કામના આરોપીઓ વગર આમંત્રણે મહેમાન ગતી કરવા આવેલ હોય જેથી ફરીયાદીના પતિ સાથે બોલાચાલી ઝઘડો થતા

જેની અદાવત રાખી આરોપીઓએ એક સંપ થઈ ગેર કાયદેસર મંડળી રચી ફરીયાદીના પતિ યોગેશભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને લાકડાના ધોકકા તથા ખુરશી તથા લોખંડની સીડીથી માથાના વચ્ચેના ભાગે માર મારી તથા હાથના ભાગે ઈજા પહોચાડી તથા ફરીયાદીને વાળ પકડી નીચે પછાડી દઈ ફરીયાદીના સસરા લક્ષ્મણભાઈ કાનાભાઈ બારૈયાને આરોપી નં.૦૬ નાઓએ બે ફડાકા મારી ઈજા કરેલ તેમજ ફરીયાદીના દિયર પરેશભાઈ બારૈયાને ઉપરોકત તમામ આરોપીઓએ માર મારેલ હોય તેમજ તેની પત્નિ રૂપાલીબેનને આરોપી નં.૦૭ નાઓએ લાત મારી બોલાચાલી કરી ઝઘડો કરી એક બીજાની મદદગારી કરી હુલ્લડ કરી મહે. જિલ્લા મેજીસ્ટ્રેટ સા. અમરેલીનાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ કરી આ બાબતની વિગતવારની ફરિયાદ ફરિયાદીએ હાલનાં આરોપીઓ વિરૂધ્ધ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ગુ.રજી.નં.૧૧૧૯૩૦૦૨૨૫૦૧૫૫-૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧ ૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ અન્વયેના ગુન્હા સબબ નોંધાયેલ છે.

**(૨) <u>ન્યાયિક કાર્યવાહી</u>**

હાલના કામના આરોપીઓ વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ:૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ ના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ-૨૦૪ અન્વયે આરોપીઓ ને સમન્સ કાઢવામાં આવતાં આરોપીઓ તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. સી.આર.પી.સી. કલમ-૨૦૭માં ઠરાવેલા જોગવાઈ અનુસાર આરોપીઓ ને બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામૂલ્યે સોપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતા, આંક:-૩૭ થી આરોપીઓ સામે તહોમતનામું ફરવામાં આવેલ છે અને આંક:-૨૨ થી ૩૬ થી આરોપીઓ નું નિવેદન નોંધતા તેની સામેનો ગુનાનો ઈનકાર કરેલ છે. જેથી સદરહુ અધિનિયમની કલમ-૨૬૫ મુજબ ફરીયાદપક્ષ નો પુરાવો નોંધલ છે.

**<u>(૩) ફોજદારી કાર્યરીતી સહિતા કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન</u>**

વિ.એ.પી.પીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આરોપીઓ નું ફોજદારી કાર્યરીતી સહિતા ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## (૪) દલીલો

ત્યારબાદ, આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.બી.ગાંધી તથા આરોપીઓનાં વિ.વ.શ્રી વી.એચ.ગંગાજળીયાની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** કેસની હકીકત તેમજ દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, તા.૩૦/૦૬૬/૨૦૨૫ ના રોજ ફરીયાદીના ભાઈ જુગલભાઈ ભાલીયાના લગ્ન સમયે આ કામના આરોપીઓ વગર આમં ત્રણે મહેમાન ગતી કરવા આવેલ હોય જેથી ફરીયાદીના પતિ સાથે બોલાચાલી ઝઘડો થતા જેની અદાવત રાખી આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીના પતિ યોગેશભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને લાકડાના ધોકકા તથા ખુરશી તથા લોખંડની સીડીથી માથાના વચ્ચેના ભાગે માર મારી તથા હાથના ભાગે ઈજા પહોચાડી તથા ફરીયાદીને વાળ પકડી નીચે પછાડી દઈ ફરીયાદીના સસરા લક્ષ્મણભાઈ કાનાભાઈ બારૈયાને આરોપી નં.૦૬ નાઓએ બે ફડાકા મારી ઈજા કરેલ તેમજ ફરીયાદીના દિયર પરેશભાઈ બારૈયાને ઉપરોકત તમામ આરોપીઓએ માર મારેલ હોય તેમજ તેની પત્નિ રૂપાલીબેનને આરોપી નં.૦૭ નાઓએ લાત મારી બોલાચાલી કરી ઝઘડો કરી એક બીજાની મદદગારી કરી હુલ્લડ કરી મહે. જિલ્લા મેજીસ્ટ્રેટ સા. અમરેલીનાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ કરી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## (૬) –।। કારણો ।।–

આ કામના વર્તમાન આરોપીઓ વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે

અને જ્યાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનુ રહે છે. વધુમાં ફરિયાદોને આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં તે સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે. અત્રે એ નોંધવું ઉલ્લેખનીય છે કે, નામદાર સુપ્રીમ કોર્ટએ યોગેશસિંહ વિરુદ્ધ મહાબીરસિંઘના ચુકાદામાં (ક્રિમીનલ અપીલ નં.૧૪૮૨/૨૦૧૩ ચુકાદા તારીખ ૨૬/૧૦/૨૦૧૬) સ્પષ્ટ કરેલ છે કે, ફરિયાદી પક્ષે પોતાનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર (Beyond Reasonable Doubts)ના ધોરણે સાબિત કરવાનો હોય છે, નહી કે તમામ શંકાઓથી પર (Beyond all doubts) રીતે.

**(૬.૧) સાહેદોની જુબાની**

ફરીયાદપક્ષે આરોપીઓ વિરૃદ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે જે પુરાવો રજૂ કરેલ છે, તે વિસ્તાર પૂર્વક ચર્ચા કરતા પેહલા નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

**(૬.૧.૧) ફ.સ.૦૧ પાયલબેન યોગેશભાઈ બારૈયાને આંક–૪૧**

આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં ફ.સ.૦૧ જેઓ ફરીયાદી છે, તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો, તેઓ સોગંદ પર પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે હુ મારા કાકા અશોકભાઈ બારૈયાના દિકરા દિનેશના લગ્ન પ્રસંગે ડાંડીયા રાશ રમવા ગયેલ અને એ પતાવીને હું તથા મારા પતિ આશરે સાડા બાર વાગ્યાની આસપાસ મારી સાસુ રૂડીબેનના ઘરે અમારી સ્પ્લેન્ડર ગાડી લેવા માટે ગયાં હતા ત્યારે આ કામના આરોપી ઘરની આગળ ઉભા હતા અને મારા પતિને જયારે તેઓનુ મો.સા. ચાલુ કરીને નિકળતા હતા ત્યારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી અમોને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી અને ઉશ્કેરાટમાં આવીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. મને આજરોજ ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છુ. જે રજુ દા. આંક–૪૨.''

ત્યારબાદ આરોપી તરફેની ફરિયાદિની ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

**(૬.૨) ફ.સ.૦૭ લખમણભાઈ કાનાભાઈ બારૈયાને આંક–૪૩**

આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં ફ.સ.૦૭ જેઓ સાહેદ છે, તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો, તેઓ સોગંદ પર પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે હુ અને મારા પત્નિ અમારા ઘરે હાજર હતા ત્યારે મારો દિકરો તથા પત્નિના કાકા અશોકભાઈ બારૈયાના દિકરા દિનેશના લગ્ન પ્રસંગે ડાંડીયા રાશ રમવા ગયેલો અને એ પતાવીને મારો દિકરો તથા તેની પત્નિ આશરે સાડા બાર વાગ્યાની આસપાસ અમારા ઘરે અમારી સ્પ્લેન્ડર ગાડી લેવા માટે ગયાં હતા ત્યારે આ કામના આરોપી ઘરની આગળ ઉભા હતા અને મારા દિકરાએ જયારે મો.સા. ચાલુ કરીને નિકળતો હતા ત્યારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી અમોને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી. આ બાબતની ફરીયાદ મારી વહુએ આપેલી. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લિધેલુ.''

ત્યારબાદ આરોપી તરફેની સાહેદની ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

**(૬.૩) ફ.સ.૦૬ યોગેશભાઈ લખમણભાઈ બારૈયાને આંક–૪૪**

આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં ફ.સ.૦૬ જેઓ સાહેદ છે, તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો, તેઓ સોગંદ પર પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે હુ અને મારા કાકા અશોકભાઈ બારૈયાના દિકરા દિનેશના લગ્ન પ્રસંગે ડાંડીયા રાશ રમવા ગયેલો અને એ પતાવીને હું તથા મારી પત્નિ આશરે સાડા બાર વાગ્યાની આસપાસ મારા માતા રૂડીબેનના ઘરે અમારી સ્પ્લેન્ડર ગાડી લેવા માટે ગયાં હતા ત્યારે આ કામના આરોપી ઘરની આગળ ઉભા હતા અને મે જયારે મારૂ મો.સા. ચાલુ કરીને નિકળતો હતા ત્યારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી અમોને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી. આ બાબતની ફરીયાદ મારી પત્નિે આપેલી. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લિધેલુ. આરોપીઓ અમારા પાડોશી હોય તેને પહેલેથી ઓળખુ છું.''

ત્યારબાદ આરોપી તરફેની સાહેદની ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

**(૬.૪) ફ.સ.૧૦ રૂપાલીબેન વા/ઓ પરેશભાઈ બારૈયાને આંક–૪૫**

આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં ફ.સ.૧૦ જેઓ સાહેદ છે, તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો, તેઓ સોગંદ પર પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે હુ અને મારા પત્નિ અમારા ઘરે જતા હાજર હતા ત્યારે વાતોથી જાણવા મળેલ કે મારા સાસુ સસરાના ઘરે આ કામના આરોપીઓ ઉભા છે અને તેઓને આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી અમોને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી. આ બાબતની ફરીયાદ મારી જેઠાણીએ આપેલી. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લિધેલુ. આરોપીઓ અમારા પાડોશી હોય તેને પહેલેથી ઓળખુ છું.''

ત્યારબાદ આરોપી તરફેની સાહેદની ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નથી.

**(૬.૫) ફ.સ.૦૯ પરેશભાઈ લખમણભાઈ બારૈયા ને આંક–૫૨**

આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં ફ.સ.૦૯ જેઓ સાહેદ છે, તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો, તેઓ સોગંદ પર પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે હુ અને મારા પત્નિ મારા સસરાના ઘરે હાજર હતા ત્યારે વાતોથી જાણવા મળેલ કે અમારા ઘરે આ કામના આરોપીઓ ઉભા છે અને તેઓને આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી અમોને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી. આ બાબતની ફરીયાદ મારી ભાભીએ આપેલી. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લિધેલુ. આરોપીઓ અમારા પાડોશી હોય તેને પહેલેથી ઓળખુ છું.''

ત્યારબાદ આરોપી તરફેની સાહેદની ઉલટતપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

(૭) વધુમાં, ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજૂ રાખેલ નથી.

સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ રેકર્ડ ઉપરનાં ઉપરોકત પુરાવા સાથે આરોપીઓ ઉપર જે તહોમત લગાવવામાં આવેલ છે, તે આક્ષેપીત કલમોનાં મહત્વનાં તત્વો ઘ્યાને રાખી, આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ છે.

**115 Voluntarily causing hurt.**

Whoever does any act with the intention of thereby causing hurt to any person, or with the knowledge that he is likely thereby to cause hurt to any person, and does thereby cause hurt to any person, is said "voluntarily to cause hurt".

Whoever, except in the case provided for by sub- section (1) of section 120 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

**118 Voluntarily causing hurt or grievous hurt by dangerous weapons or means.**

Whoever, except in the case provided for by sub-section (1) of section 120, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine which

may extend to twenty thousand rupees, or with both.

Whoever, except in the case provided for by sub-section (2) of section 120, voluntarily causes grievous hurt by any means referred to in sub–section (1), shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which shall not be less than one year but which may extend to ten years, and shall also be liable to fine.

**189 Unlawful assembly.**

An assembly of five or more persons is designated an "unlawful assembly", if the common object of the persons composing that assembly is

to overawe by criminal force, or show of criminal force, the Central Government or any State Government or Parliament or the Legislature of any State, or any public servant in the exercise of the lawful power of such public servant; or

to resist the execution of any law, or of any legal process; or

to commit any mischief or criminal trespass, or other offence; or

by means of criminal force, or show of criminal force, to any person, to take or obtain possession of any property, or to deprive any person of the enjoyment of a right of way, or of the use of water or other incorporeal right of which he is in possession or enjoyment, or to enforce any right or supposed right; or

by means of criminal force, or show of criminal force, to compel any person to do what he is not legally bound to do, or to omit to do what he is legally entitled to do.

**Explanation:** An assembly which was not unlawful when it assembled, may subsequently become an unlawful assembly.

Whoever, being aware of facts which render any assembly an unlawful assembly, intentionally joins that assembly, or continues in it, is said to be a member of an unlawful assembly and such member shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

Whoever joins or continues in an unlawful assembly, knowing that such unlawful assembly has been commanded in the manner prescribed by law to disperse, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

Whoever, being armed with any deadly weapon, or with anything which, used as a weapon of offence, is likely to cause death, is a member of an unlawful assembly, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

Whoever knowingly joins or continues in any assembly of five or more persons likely to cause a disturbance of the public peace, after such assembly has been lawfully commanded to disperse, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

**Explanation:** If the assembly is an unlawful assembly within the meaning of sub-section (1), the offender shall be punishable under sub-section (3).

Whoever hires or engages, or employs, or promotes, or connives at the hiring, engagement or employment of any person to join or become a member of any unlawful assembly, shall be punishable as a member of such unlawful assembly, and for any offence which may be committed by any such person as a member of such unlawful assembly in pursuance of such hiring, engagement or employment, in the same manner as if he had been a member of such unlawful assembly, or himself had committed such offence.

Whoever harbours, receives or assembles, in any house or premises in his occupation or charge, or under his control any persons knowing that such persons have been hired, engaged or employed, or are about to be hired, engaged or employed, to join or become members of an unlawful assembly, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

Whoever is engaged, or hired, or offers or attempts to be hired or engaged, to do or assist in doing any of the acts specified in sub-section (1), shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

Whoever, being so engaged or hired as referred to in sub-section (8), goes armed, or engages or offers to go armed, with any deadly weapon or with anything which used as a weapon of offence is likely to cause death, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**190 Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object.**

If an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be committed in prosecution of that object, every person who, at the time of the committing of that offence, is a member of the same assembly, is guilty of that offence.

**191 Rioting.**

Whenever force or violence is used by an unlawful assembly, or by any member thereof, in prosecution of the common object of such assembly, every member of such assembly is guilty of the offence of rioting.

Whoever is guilty of rioting, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

Whoever is guilty of rioting, being armed with a deadly weapon or with anything which, used as a weapon of offence, is likely to cause death, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, or with fine, or with both.

**GP ACT SEC.135.** Whoever disobeys an order lawfully made under section 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished -

(i) if the order disobeyed or of which the disobedience was abetted was under sections (1) Of sections 37 or under sections 39, or sections 40, with imprisonment for a term which may extend to one year but shall not except for reasons to be recorded in writing be less than four months and shall also be liable to fine, and;

(ii) if the said order was made under sub-Section (2) of Section 37, with imprisonment for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and

(iii) If the said order was made under sub-section (3) of section 37, with fine which may extend to one hundred rupees.

આમ, આ કામે રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૪૧ થી ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલો. બનાવ સમયે તેઓના કાકા અશોકભાઈ બારૈયાના દિકરા દિનેશના લગ્ન પ્રસંગે ડાંડીયા રાશ રમવા ગયેલ અને એ પતાવીને તેઓ તથા તેમના પતિ આશરે સાડા બાર વાગ્યાની આસપાસ મારી સાસુ રૂડીબેનના ઘરે અમારી સ્પ્લેન્ડર ગાડી લેવા માટે ગયાં હતા ત્યારે આ કામના આરોપી ઘરની આગળ ઉભા હતા અને તેઓના પતિને જયારે તેઓનુ મો.સા. ચાલુ કરીને નિકળતા હતા ત્યારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સામાન્ય બોલાચાલીમાં માણસો ભેગા થઈ જતા ધકકામુકીમાં પડી જવાથી તેઓને ઈજા પહોચી હતી. જે અંગેની સારવાર જાફરાબાદ સરકારી દવાખાને કરાવેલી અને ઉશ્કેરાટમાં આવીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. તેઓને આજરોજ ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમા તેઓની સહી છે. તેથી ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એવુ કબુલ રાખેલ છે કે, આરોપી સાથે તેઓની સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

વધુમાં ફરીયાદપક્ષે સાહેદો-૪૩,૪૪,૪૫ તથા પર થી તેઓ તેમની ઉલટતપાસમાં એવુ કબુલ રાખેલ છે કે, આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાઈ બનેલ નથી.

વધુમાં આ કામે જે દસ્તાવેજી પુરાવાઓમાં આંક-૪૨ થી ફરીયાદ તથા આંક-૪૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક-૪૭ મુદદામાલ કબ્જે કર્યા અંગેનુ પંચનામુ તથા આંક-૪૮ થી જાહેરનામું તથા આંક-૪૯ થી મેડીકલ સર્ટીફીકેટ રજૂ રાખેલ છે. સદર દસ્તાવેજી પુરાવાઓમાં માત્ર આંક પાડવાથી સદર પુરાવા પુરવાર થઈ શકેલાનું માની શકાય નહીં. આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧ ૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેવી શંકા ઉદ્દભવે છે. પરંતુ કાયદાનો એ સ્થાપિત સિંધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહિ. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિંધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઈએ નહિ. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. એવો જ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબના ચુકાદામાં ઠરાવેલ છે,

**In Kailash Gour V/s State of Assam AIR 2012 SC 786**

"**28.**It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong ,can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offense' and 'must have committed the offense' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of Narendra Singh

and Anr. v.State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૮) ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપીત કલમો મુજબનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય પરિણામે, મુદ્દા નં.૧ નો નિર્ણય 'નકાર'માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :-**

(૯) ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતા ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

૧. આ કામના આરોપીઓ -(૧) અવિનાશભાઈ દિનેશભાઈ બાંભણીયા, ઉ.વ. ૨૫, ધંધો : મચ્છીમારી, (૨) દિવ્યેશભાઈ દિનેશભાઈ બાંભણીયા, ઉ.વ. ૨૦, ધંધો : મચ્છીમારી, (૩) દિપેશભાઈ દિનેશભાઈ બાંભણીયા, ઉ.વ. ૧૯, ધંધો : મચ્છીમારી, (૪) દિનેશભાઈ પીઠાભાઈ ઉર્ફે જીવાભાઈ બાંભણીયા, ઉ.વ. ૩૯, ધંધો : મચ્છીમારી, આરોપી નં.૧ થી ૪ રહે. પરશુરામ સોસાયટી તા. જાફરાબાદ જિ. અમરેલી. (૫) સચિનભાઈ રામાભાઈ સોલંકી, ઉ.વ.૨૪, ધંધો : મચ્છીમારી, રહે. ખોડીયારમાના મંદિરની બાજુમાં તા. જાફરાબાદ જિ. અમરેલી. (૬) સાગરભાઈ કાળાભાઈ બારૈયા, ઉ.વ.૨૮, ધંધો : મચ્છીમારી, (૭) અંકિતભાઈ કાળાભાઈ બારૈયા, ઉ.વ. ૨૩, ધંધો :

મચ્છીમારી, (૮) નિલેશભાઈ અશોકભાઈ બારૈયા, ઉ.વ. ૨૩, ધંધો : મચ્છીમારી, (૯) તિલકભાઈ ભગાભાઈ સોલંકી, ઉ.વ. ૨૪, ધંધો : મચ્છીમારી, આરોપી નં. ૬ થી ૯ રહે. પરશુરામ સોસાયટી તા. જાફરાબાદ જિ. અમરેલી. (૧૦) જયદિપભાઈ હરજીભાઈ સોલંકી, ઉ.વ. ૨૦, ધંધો : મચ્છીમારી, રહે. શીતળામાતાના મંદિર પાસે તા.જાફરાબાદ જિ. અમરેલી.(૧૧) ભાવેશભાઈ રામભાઈ સોલંકી, ઉ.વ. ૨૭, ધંધો : મચ્છીમારી, (૧૨) રૂત્વિકભાઈ રામભાઈ સોલંકી, ઉ.વ. ૨૫, ધંધો : મચ્છીમારી, (૧૩) પ્રતિકભાઈ રામભાઈ બાંભણીયા, ઉ.વ. ૨૦, ધંધો : મચ્છીમારી, આરોપી નં.૧૧ થી ૧૩ રહે. પરશુરામ સોસાયટી તા. જાફરાબાદ જિ. અમરેલી. (૧૪) નિર્મલભાઈ કિશોરભાઈ બારૈયા, ઉ.વ. ૨૦, ધંધો : મચ્છીમારી, રહે. કામનાથ મહાદેવ મંદિર પાસે મોટી શેરી તા. જાફરાબાદ જિ. અમરેલી.(૧૫) ધ્રુવભાઈ રામભાઈ સોલંકી, ઉ.વ. ૧૯, ધંધો : પ્રા.નોકરી, રહે. શીતળામાતાના મંદિર પાસે તા.જાફરાબાદ જિ. અમરેલીનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨ પેટા કલમ–૬ હેઠળ આરોપીઓની ગેરહાજરીમાં તેમજ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૮ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧),૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨) તથા જી.પી.એકટ કલમ–૧ ૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ બીનકિંમત મુદામાલને અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના તહોમતદાર અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ – **૨૨ મી,** માહે, **એપ્રિલ**, સને –**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ : જાફરાબાદ,**
**તારીખ : ૨૨–૦૪–૨૦૨૬.**

**(પ્રકાશચંદ્ર મનહરભાઈ કામદાર)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**જાફરાબાદ.**

**જજ કોડ : જી.જે. ૦૧૬૯૭**